# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૮/૧/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં 'કન્ટ્રોલ ધ કન્ટ્રોલેબલ : માર્કેટ્સ એન્ડ ન્યુરોનોમિકસ' વિશે સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગત રોજ 'કન્ટ્રોલ ધ કન્ટ્રોલેબલ : માર્કેટ્સ એન્ડ ન્યુરોનોમિકસ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઇસીઆઇસીઆઇ પ્રોડેન્શીયલ એસેટ મેનેજમેન્ટ કંપની લિ.ના પ્રોડકટ ડેવલપ કરનાર તેમજ સ્ટ્રેટેજી બનાવનાર ચિરાગ પટેલે રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચિરાગ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં બીએસઇ સેન્સેકસએ ૧૩ ટકા ચક્રવૃદ્ધિ રિટર્ન આપ્યું છે પણ ઘણા ઓછા રોકાણકારોને આ વળતર મળ્યું છે. છેલ્લા ૧૫ વર્ષથી રોકાણ કરતા બધા રોકાણકારોનાં વળતર અલગ અલગ હશે. ઘણા જૂજ રોકાણકારોના વળતર ખૂબ જ સારા હશે. આનું કારણ શું હોઇ શકે? તેની સ્પષ્ટતા કરતા તેમણે કહયું હતું કે બધા રોકાણકારો માટે ઇકોનોમી, જીડીપી, કરન્સી અને ક્રુડ ઓઇલ એકસરખા જ રહે છે તેમ છતાં બધા રોકાણકારોના વળતર જુદા – જુદા હોય છે. આ બધા પરીબળો રોકાણકારોના કંટ્રોલની બહાર છે. રોકાણકારોના કંટ્રોલમાં એમનું પોતાનું બિહેવીયર છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મોટાભાગના રોકાણકારો બજારની મંદીમાં ડરી જાય છે અને તેજીમાં વધુ રોકાણ કરે છે. જેના કારણે સારા રિટર્ન મેળવી શકતા નથી. આને 'બિહેવીયરલ ગેપ' કહેવાય છે. રોકાણકારો પોતાના કંટ્રોલની બહારની વસ્તુઓ અંગે વધુ ચિંતા કરે છે, પરંતુ પોતાના બિહેવીયરલ ઉપર ધ્યાન આપતા

નથી. મંદીમાં ડરી જવું અને તેજીમાં ઉત્સાહી થઇ વધુ રોકાણ કરવું એ આપણા મગજની ઉપજ છે. મગજની જે સર્વાઇવલ ટેન્ડેન્સી હોય છે જેને સુષુપ્ત મગજ કહેવાય છે, જ્યાં કાયમ માટે મેમરી સ્ટોર હોય છે અને તેનો રિસ્પોન્સ 'ફાઇટ ઓફ ફલાઇટ' એટલે કે 'લડવું અથવા ભાગી જવું' હોય છે તેને કારણે મંદીના સમયે ડરી જઇ ભાગવાની વૃત્તિ જોવા મળે છે અને તેજીના સમયે ડોપામાઇન નામનું કેમિકલ જે બ્રેઇનમાં એકટીવ થઇ ઉત્તેજિત કરી વધુ રોકાણ કરાવે છે તેને ન્યુરો ઇકોનોમિકસ કહેવાય છે. આથી જ બિહેવીયરલ ફાયનાન્સ એક ખૂબ જ અગત્યનું પાસું છે, જે આપણા કન્ટ્રોલમાં છે.

ચિરાગ પટેલે વધુમાં કહયું હતું કે, શેર બજારમાં નુકસાન થાય છે એવી માન્યતા સાથે રોકાણ કરો તો રિઝલ્ટ નેગેટીવ જ આવવાનું છે. જ્યાં સુધી માન્યતા નહીં બદલાય ત્યાં સુધી લાભ નહીં થાય. લોકો કહે છે કે શેર બજાર સટ્ટો છે પણ એવું નથી. શેર બજાર એ સટ્ટો નથી પણ આધ્યાત્મિકતાનો વિષય છે. જેની પોતાની બધી જ ઇન્દ્રીયો ઉપર કન્ટ્રોલ હોય એ આધ્યાત્મિક રીતે પાવરફુલ હોય છે. જુદા–જુદા ઉદાહરણો આપી તેમણે રોકાણકારોને સમજણ આપી હતી. તેમણે કહયું હતું કે, શેર બજારમાં રોકાણ કરો તો ભય અને લાલચ નહીં હોવી જોઇએ. તમારા રિટર્ન તમારી જરૂરિયાત પ્રમાણે મળે છે છતાં બીજાને જોઇને દુઃખ થાય છે. શેર બજારમાં ઓછું/વત્તું રિટર્ન મળે જ છે.

આ સેમિનારમાં ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન ઐયુબ યાકુબઅલીએ સેમિનારનું સંચાલન કર્યું હતું. જ્યારે કો–ચેરમેન દિપેશ પરીખે વકતાનો ટૂંકમાં પરિચય આપ્યો હતો અને કમિટીના સભ્ય હાસિમ યાકુબઅલીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.